**તાપમાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૨૯.૦° સે. | ૨૭.૦° સે. |
| આહવા | ૨૯.૦° સે. | ૨૫.૦° સે. |
| વલસાડ | ૨૯.૦° સે. | ૨૮.૦° સે. |
| વાપી | ૨૯.૦° સે. | ૨૮.૦° સે. |

# વરસાદમાં પણ મતદારોએ લોકશાહીનો પર્વ ઉજવ્યો


ઉમેશ સોલંકી
ઉમરગામ


નવસારી


ડાંગ

**મતદારોનો** અનેરો ઉત્સાહ દેખાયો, મહિલા મતદારોની સંખ્યા વધુ રહી, શાંતિપૂર્ણ માહોલમાં મતદાન સંપન્ન

**નવસારી** જિલ્લામાં સામાન્ય ચૂંટણીમાં 73.81 ટકા અને પેટા ચૂંટણીમાં 63.94 ટકા મતદાન

નવસારી: આજે નવસારી જિલ્લામાં 45 ગ્રામ પંચાયતની સામાન્ય અને 14 ગ્રામ પંચાયતની પેટા ચૂંટણી શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઈ છે. નવસારી જિલ્લામાં ગ્રામપંચાયતની સામાન્ય ચૂંટણીમાં 73.81 ટકા મતદાન અને પેટા ચૂંટણીમાં 63.94 ટકા મતદાન થયું છે. આજે વહેલી સવારથી જ મતદારો મતદાન કરવા માટે મતદાન મથકો ઉપર પહોંચી ગયા હતા. વરસાદી ઝાપટાઓ વચ્ચે પણ મતદારોનો અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો. નવસારી તાલુકાની 2 ગ્રામ પંચાયતમાં 76.84 ટકા મતદાન, જલાલપોર તાલુકાની 9 ગ્રામ પંચાયતમાં 67.88 ટકા મતદાન, ચીખલી તાલુકાની 7 ગ્રામ પંચાયતમાં 80.54 ટકા મતદાન, ગણદેવી તાલુકાની 9 ગ્રામ પંચાયતમાં 63.11 ટકા મતદાન તેમજ વાંસદા તાલુકાની 18 ગ્રામપંચાયતમાં 82.68 ટકા મતદાન નોંધાયું છે.

તાલુકા પ્રમાણે પેટા ચૂંટણીનું મતદાન જોઈએ તો, નવસારી તાલુકાની 3 ગ્રામ પંચાયતોમાં 69.51 ટકા મતદાન, જલાલપોર તાલુકાની 1 ગ્રામ પંચાયતમાં 70.41 ટકા મતદાન, ચીખલી તાલુકાની 6 ગ્રામ પંચાયતમાં 71.05 ટકા મતદાન અને ગણદેવી તાલુકાની 4 ગ્રામપંચાયતોમાં 52.57 ટકા મતદાન નોંધાયું છે.

નવસારી તાલુકાના મશીનો ચોવીસી ગામ શ્રી આર.ડી. પટેલ સાર્વજનિક વિદ્યાલય ખાતે, જલાલપોર તાલુકાના મશીનો વિજલપોર શેઠ પુ.હ. વિદ્યાલય માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક વિભાગ સંસ્કાર ભારતી સ્કૂલ ખાતે, ચીખલી તાલુકાના મશીનો શ્રી એમ.આર. દેસાઈ આર્ટસ એન્ડ ઈ.ઈ. લહેર કોસાડીયા કોમર્સ કોલેજ ખાતે, ગણદેવી તાલુકાના મશીનો સર કાવજી જહાંગીર ન્યુ હાઈસ્કૂલ ખાતે અને વાંસદા તાલુકાના મશીનો હનુમાનબારી ગામની વિનયન અને વાણિજ્ય કોલેજ ખાતે મુકવામાં આવ્યા છે.

## વરિષ્ઠ દિવ્યાંગ મતદાતાને પોલીસે મત કુટિર સુધી પહોંચાડ્યા

**પારડીની** ૭ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં 81.35 ટકા મતદાન


અમૃત પટેલ

પારડી: પારડી તાલુકાના મોટા વાઘછીપા, અરનાલા, નિમખલ, કોટલાવ, ઉમરસાડી દેસાઈવાડ, ઉમરસાડી માછીવાડ અને નેવરી પંચાયતની ચૂંટણીનો માહોલ સવારથી જ જામ્યો હતો. જેમાં 81.35 ટકા મતદાન થયું હતું. જ્યારે પેટા ચૂંટણી હેઠળની 2 ગ્રામ પંચાયતમાં 75.44 મતદાન થયું હતું. નિમખલ ગામ એક વરિષ્ઠ દિવ્યાંગ મતદાતાને મત આપવા માટે પોલીસે માનવતા દાખવી મત કુટિર સુધી લઈ જવા અને લાવવા માટે મદદે આવી હતી. એકંદરે સવારથી સાંજ સુધી પારડી પોલીસ પીઆઈ જી.આર. ગઢવી ટીમ ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે શાંતિ પૂર્ણ વાતાવરણ વચ્ચે ચૂંટણી સંપન્ન થઇ હતી. ચૂંટણી દરમિયાન કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા પામ્યો ન હતો.

આજે સરપંચ અને સભ્યોના ભાવિ બેલેટ પેપરમાં સિલ થયા હતા. અંદાજિત 6 વાગ્યા સુધીમાં ૭૦ ટકા થી વધુ મતદાન થયું હતું. જ્યારે અગાઉ ત્રણ ગ્રામ પંચાયત રૈંટલાવ, વરઈ અને આસ્મા પંચાયત બિનહરીફ થતા પારડીની ૭ ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૭૦ ટકા થી વધુ મતદાનસમરસ જાહેર કરાઈ હતી. હવે 25 જૂને સરપંચ અને સભ્યોની મતગણતરીનું પરિમાણ આવશે, તેના પર સૌની મીટ મંડાઈ છે.

## ગણદેવી તાલુકાની ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ૬૩.૧૧ ટકા મતદાન

બીલીમોરા: ગ્રામ પંચાયતની ચૂંટણીમાં ગણદેવી તાલુકાનું સાંજે ૫ વાગ્યા સુધીમાં ૬૩.૧૧ ટકા મતદાન થવા પામ્યું છે. તે સાથે ગણદેવી તાલુકામાં ૯ ગામોની સામાન્ય ચૂંટણી પૈકી પીપલધરા ગામે ૮૨.૯૩ ટકા, સરીબુજરંગ ૫૩.૫૩ ટકા, તલોધ ગામે ૫૭.૭૨ ટકા, અંચેલી ૫૮.૯૪ ટકા, તોરણગામ ૭૦.૬૩ ટકા, એંધલ ગામે ૭૪.૦૬ ટકા, પીંજરા ગામે ૭૮.૯૧ ટકા, વેગામ વગલવાડ જૂથ ગ્રામ પંચાયત માં ૬૯.૫૧ ટકા, અમલસાડ ૬૧.૭૩ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે ત્રણ ગામોમાં સરપંચની પેટા ચૂંટણી પૈકી આંતલીયામાં ૪૫.૨૮ ટકા, ઉંડાચ લુહાર ફળીયા ૫૫.૦૮ ટકા અને વડસાંગળ ગામે ૭૨.૮૩ ટકા મતદાન નોંધાયું હતું. જ્યારે બે ગામોમાં વોર્ડની પેટા ચૂંટણી પૈકી આંતલીયામાં ૬૦.૮૧ ટકા અને માસા ગામે ૭૮.૯૧ ટકા મતદાન સાથે ખરાખરીનો જંગ જોવાયો હતો. ગણદેવી તાલુકામાં સામાન્ય અને પેટા ચૂંટણીમાં ૧૫૨૪૩ પુરુષ મતદારો સાથે સ્ત્રી મતદારો ૧૫૭૦૭ મળી કુલ ૩૦૯૫૦ મતદારો નોંધાયેલા છે. ઉપરોક્ત આંકડાઓ સાંજે ૫ વાગ્યાં સુધીના છે. જેમાં સાંજે ૬ વાગ્યા સુધીના મતદાનના આંકડાઓનો ઉમેરો થશે, જેણે લીધે ટકાવારી વધશે.

## ડાંગ જિલ્લામાં ૮૧.૦૨ ટકા મતદાન નોંધાયું

સાપુતારા: ડાંગ જિલ્લામાં આજે કુલ ૪૨ ગ્રામ પંચાયતોમાં ૩૭ સરપંચ અને ૨૩૪ વોર્ડ સભ્યોની ચૂંટણી માટે સાંજે ૫ વાગ્યા સુધીમાં અંદાજિત ૮૧.૦૨ ટકા જેટલું મતદાન નોંધવા પામ્યુ છે. ડાંગ જિલ્લાનાં આહવા તાલુકામાં ૧૭ ગ્રામ પંચાયતમાં નોંધાયેલા ૧૨,૪૯૧ પુરુષ મતદારો અને ૧૨,૨૭૪ સ્ત્રી મતદારો મળી કુલ ૨૪,૭૬૫ મતદારો પૈકી ૯,૩૩૮ પુરુષ અને ૯,૨૦૧ સ્ત્રી મળી કુલ ૧૮,૫૩૯ મતદારોએ મતદાન કરતા ૭૪.૮૬ ટકા મતદાન નોંધાયું છે. જ્યારે વઘઇ તાલુકામાં ૧૨ ગ્રામ પંચાયતોમાં નોંધાયેલા ૮,૨૬૨ પુરુષ મતદારો અને ૮,૫૪૩ સ્ત્રી મતદારો મળી કુલ ૧૬,૮૦૫ મતદારો પૈકી ૬,૮૪૦ પુરુષ અને ૭,૦૧૯ સ્ત્રી મળી કુલ ૧૩,૮૫૯ મતદારોએ મતદાન કરતાં ૮૨.૪૭ ટકા, સુબિર તાલુકામાં ૧૨ ગ્રામ પંચાયતોમાં નોંધાયેલા ૧૦,૦૫૪ પુરુષ મતદારો અને ૯,૮૯૧ સ્ત્રી મતદારો મળી કુલ ૧૯,૯૪૫ મતદારો પૈકી ૮,૯૪૩ પુરુષ અને ૮,૪૯૮ સ્ત્રી મળી કુલ ૧૭,૪૪૧ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કરતાં ૮૭.૪૫ ટકા મતદાન નોંધાયું છે.

## વલસાડમાં 64 ગ્રામ પંચાયતની ચૂંટણીમાં શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ

વલસાડ: વલસાડમાં ગ્રામ પંચાયતોની તેમજ કેટલીક પંચાયતોની ખાલી બેઠકો માટેની પેટા ચૂંટણીમાં આજરોજ રવિવારે વરસાદી માહોલમાં મતદાન પ્રક્રિયા પૂર્ણ થઇ હતી. દરમિયાન જિલ્લામાં કોઇપણ સ્થળે કોઇ અનિચ્છનિય બનાવ નોંધાયો ન હતો. શાંતિપૂર્ણ માહોલમાં મતદાન પૂર્ણ થયું હતું. વલસાડ જિલ્લામાં 64 પંચાયતોની ચૂંટણી પૈકી 13 ગ્રામ પંચાયતો સમરસ થઇ હતી. ત્યારે 51 પંચાયતો માટે જ મતદાન કરાયું હતું. આ મતદાન ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે થયું હતુ. જેમાં 20 પીઆઇ, 40 પીએસઆઇ, 300 પોલીસ જવાનો, 36 એસઆરપી જવાનો, 350 હોમગાર્ડ જવાનોએ ખડે પગે ફરજ બજાવી હતી. જેના કારણે મતદાનની પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થઇ હતી. મતદાન પૂર્ણ થતાં 51 ગામના સરપંચો માટે અનેક ઉમેદવારોનું ભાવી મતપેટીમાં સિલ થયું છે. ત્યારે હવે આગામી દિવસમાં મતગતણતરી પછી તેનું પરિણામ જાણવા મળશે.

# સરપંચ બનવા બાપ-દીકરા અને કાકા-ભત્રીજા વચ્ચે ચૂંટણી ‘દંગલ’

**ડાંગના** ગલકુંડમાં અને માનમોડીમાં કોઈપણ જીતે કે હારે, પણ સરપંચ તો ઘરનો જ રહેશે

સાપુતારા: ડાંગ જિલ્લાની 42 ગ્રામ પંચાયતોમાંથી ગલકુંડ ગ્રામ પંચાયત પર સૌનું ધ્યાન કેન્દ્રિત થયું છે. અહીં સરપંચ પદ માટે સગા બાપ અને દીકરા સામસામે મેદાનમાં ઉતર્યા હતા. જેમાં સુરેશ વાઘ (પિતા) અને તેમના પુત્ર રાજેશ સુરેશ વાઘ (દીકરો) એકબીજાને હરાવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું હતું. બંને ઉમેદવારોએ પોતાની જીત માટે સઘન પ્રચાર કર્યો છે અને ગ્રામજનો પણ આ પરિણામને લઈને ભારે ઉત્સુક છે. તેમજ વઘઈ તાલુકાની માનમોડી ગ્રામ પંચાયત પણ સગા સબંધોના જંગને કારણે ખાસ ધ્યાન ખેંચી રહી છે. અહીં સરપંચ પદ માટે સગા કાકા નગીન ગાવીત અને ભત્રીજા મહેન્દ્ર ગાવીત વચ્ચે કાંટે કી ટક્કર જોવા મળી રહી છે. રસપ્રદ વાત એ છે કે, અગાઉ પણ આ જ કાકા-ભત્રીજા વચ્ચે ચૂંટણી થઈ હતી, જેમાં ભત્રીજા મહેન્દ્ર ગાવીતનો માત્ર એક મતે વિજય થયો હતો. આ વખતે પણ બંને ઉમેદવારો પોતાની જીતનો દાવો કરી રહ્યા છે, જેને પગલે માનમોડી ગ્રુપ ગ્રામ પંચાયતનું પરિણામ પણ રોમાંચક બની હતી.

## કપરાડા તાલુકામાં સામાન્ય ચૂંટણીમાં 68.84 ટકા, પેટા ચૂંટણીમાં 73.58 ટકા મતદાન



વલસાડ: કપરાડા તાલુકામાં વરસતા વરસાદ વચ્ચે પણ મોટી સંખ્યામાં મતદાતાઓ મતદાન કરવા ઊમટી પડ્યા હતા. વિશેષ કરી મહિલાઓ મોટી સંખ્યામાં મતદાન કેન્દ્રો ઉપર જોવા મળી હતી. વરસાદ હોઈ મતદારો છત્રી લઈ વરસતા વરસાદ વચ્ચે પણ લોકશાહી પર્વમાં પોતાનો કિંમતી મત આપવા મત કેન્દ્રો ઉપર પહોંચ્યા હતા. કપરાડા મામલતદાર એ.ગામીતે જણાવ્યું કે, કપરાડા તાલુકામાં 8 પંચાયતની સામાન્ય-મધ્યસ્થ ચૂંટણીમાં સાંજે 5 વાગ્યા સુધીમાં કુલ મતદાન 68.84 ટકા નોંધાયું હતું. જ્યારે 2 પંચાયતની પેટાચૂંટણીમાં કુલ 73.58 ટકા મતદાન નોંધાયું હતું. ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ રહી હોવાનું જણાવ્યું હતું.

# ઉમરગામ તાલુકાની 20 ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સરેરાશ 69 ટકા મતદાન નોંધાયું

**વરસાદના** કારણે સવારે મતદાન ખૂબ ધીમું રહ્યું, બપોર બાદ ભારે ધસારો 47 સરપંચના અને સભ્યોના 370 ઉમેદવારોના ભાવિ મત પેટીમાં બંધ

ઉમરગામ: ઉમરગામ તાલુકામાં રવિવારે 20 ગ્રામ પંચાયતની ચૂંટણી માટે સાંજે 5:00 વાગ્યા સુધીમાં 71 બુથો ઉપર શાંતિપૂર્ણ સરેરાશ 69 ટકા મતદાન થયું હતું.

ઉમરગામ તાલુકામાં રવિવારે 22 જૂનના રોજ 20 ગ્રામ પંચાયતો કરમબેલા, વલવાડા, અચ્છારી,પળગામ, કોળીવાડ, ડેહલી, ફણસા, કરચગામ, જંબુરી, પુનાટ, સરઈ, મમકવાડા,, ટેંભી, મલાવ, તુંબ, ભીલાડ, પાલી,નાહુલી, નંદીગામ વિગેરે ગ્રામ પંચાયતમાં સવારે 7:00 વાગ્યાથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે મતદાન શરૂ થયું હતું. વરસાદના કારણે સવારે મતદાન ખૂબ ધીમું રહ્યું હતું. સવારે 7 વાગ્યાથી 9:00 વાગ્યા સુધીમાં સરેરાશ મતદાન 8% અને બપોરે વરસાદ ધીમો પડતા મતદાન કરવા મતદારોનો ધસારો જોવા મળ્યો હતો.

મતદાનનો સમય સાંજના છ વાગ્યા સુધીમાં હોય બાકી એક કલાકમાં મતદાન ટકાવારી ચારથી પાંચ ટકાનો વધારો થવાનો અનુમાન છે.

20 ગ્રામ પંચાયતમાં સરપંચના 47 અને સભ્યોના 370 ઉમેદવારોના ભાવિ મત પેટીમાં સીલ થયા હતા હવે 25 તારીખે બુધવારે મત ગણતરી હાથ ધરવામાં આવશે. બેલેટ પેપરથી મતદાન થયું હોય મતગણતરીમાં ખાસ્સો સમય લાગશે.

## અશક્ત મતદારો માટે પોલીસ સહિત તંત્રની ટીમ ખડેપગે રહી


ગિરીશ ભોયે

સાપુતારા: ગલકુંડ બુથ પર એક વયોવૃદ્ધ મતદાર મતદાન કરવા આવ્યા હતા, પરંતુ શારીરિક અશક્તિને કારણે તેઓ ચાલી શકતા ન હોવાથી મતદાન મથક સુધી પહોંચવું તેમના માટે મુશ્કેલ બની રહ્યું હતું.આ પરિસ્થિતિ જોઈને પી.આઈ. આર.એસ. પટેલ અને તેમની ટીમના જવાનો તુરંત જ મદદે ધસી ગયા હતા. સાપુતારા પોલીસની ટીમે વૃદ્ધ મતદારને સહારો આપીને તેમને સુરક્ષિત રીતે મતદાન મથકની અંદર લઈ જવામાં મદદ કરી હતી. સાપુતારા પોલીસ કર્મીઓની આ સંવેદનશીલ અને મદદરૂપ ભૂમિકાએ હાજર સૌ કોઈના દિલ જીતી લીધા હતા. સામાન્ય રીતે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ઓળખાતી પોલીસ ટીમે નાગરિકો પ્રત્યેની તેમની ફરજ ઉપરાંત માનવીય અભિગમનું પણ ઉત્તમ પ્રદર્શન કર્યું હતુ. આ ઘટના દર્શાવે છે કે લોકશાહીમાં દરેક નાગરિકનો મત કેટલો અમૂલ્ય છે અને તેને સુનિશ્ચિત કરવા માટે સરકારી તંત્ર પણ કટિબદ્ધ છે.સાપુતારા પી. આઈ. આર.એસ. પટેલ અને તેમની ટીમ દ્વારા કરવામાં આવેલ આ કાર્ય પ્રશંસનીય છે અને અન્યો માટે પણ પ્રેરણારૂપ બની હતી.

## ધરમપુર ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીનું ૮૦ ટકા મતદાન

ધરમપુર: ધરમપુર તાલુકા પંચાયતની 9 ગ્રામ પંચાયતની ચૂંટણીનું 80% ઉપર મતદાન થવાની શક્યતા સાથે ભરચોમાસે મતદારોએ ઉત્સાહભેર મતદાન કર્યાનું જોવા મળ્યું હતું. ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણીમાં કુલ 11 બેઠકો પૈકી પીંડવળની પેટાચૂંટણી સિવાય 10 ગ્રામ પંચાયતની સામાન્ય ચૂંટણી મળી 11 ગ્રામ પંચાયતની ચૂંટણી યોજાઈ હતી. ગ્રામ પંચાયતોની બેઠક પર મતદારોએ ઉત્સાહપૂર્વક મતદાન કરાતા પાંચ વાગ્યા સુધી 79.60 ટકા મતદાન નોંધાયું હતું પાંચ વાગ્યા સુધીમાં શેરીમાળ 76.20, બિલપુડી 80.73, ધામણી 69.24 તામાછડી 73.20, મોટી કોસબાડી 92.35, ઉગતા 76.12, તુત્તરખેડ 86.12., પેંણધા 84.20, કાકડકુવા 82.18 ટકા જેટલું મતદાન 5.00 વાગ્યા સુધીમાં નોંધાયું હતું.

# દુબઈના વીઝા આપવાના બહાને ઠગાઈ કરનાર દમણનો ઠગબાજ ઝડપાયો

**સોશિયલ** મીડિયા પર લોભામણી જાહેરાત મૂકી લોકોને છેતરતો હતો



વલસાડ: વલસાડના ગ્રીન પાર્કમાં રહેતા સાજીદ પઠાણે ફેસબુક પર “દુબઈ વિઝા ફક્ત 7 દિવસમાં” તેવી એક પોસ્ટ જોઈ હતી. જણાવેલા મોબાઈલ નંબર પર સંપર્ક કર્યો હતો. સામેની વ્યક્તિએ પોતાનું નામ પિંકલ પાટીલ હોવાનું જણાવી, 1 લાખ રૂપિયા ખર્ચે દુબઈ મોકલવાની વાત કરી હતી. રૂ.25,000 એડવાન્સ માંગી લીધા હતા અને ટિકિટ-વિઝા 2 દિવસમાં અપાવવાનું કહ્યું હતું. પૈસા મળ્યા બાદ ઠગે સાજીદનો નંબર બ્લોક કરી દેતાં પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે સોશિયલ મીડિયા પર દેખરેખ રાખી, બાતમીના આધારે નાની દમણમાં તીન બત્તી પાસે પરિશ્રણ એપાર્ટમેન્ટમાં રહેતા અને ડ્રાઈવિંગનું કામ કરતા 43 વર્ષીય ધર્મેશ ટંડેલ નામના વ્યક્તિને પકડી પાડ્યો હતો. પૂછતાછમાં જાણવા મળ્યું કે તે ફેસબુક પર વિઝાની લોભામણી જાહેરાતો મૂકીને લોકો પાસેથી પૈસા પડાવતો હતો. છે અને ત્યારબાદ સંપર્ક તોડી દેતો હતો. વલસાડ ટાઉન પોલીસે રૂ.૨૦,૦૦૦ અને મોબાઈલ કબજે કરી તેની વિરુદ્ધ વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# 20 વર્ષ પહેલા સંબંધીની પત્નીની છેડતી કરનારની હત્યા કરી ભાગી છૂટેલો આરોપી મધ્યપ્રદેશથી ઝડપાયો

**જબલપુરમાં** રેસ્ટોરન્ટમાં કામ કરતાં આરોપીને એલસીબી પોલીસે વેશ પલટો કરી પકડી પાડ્યો

વાપી: વર્ષ 2006માં વાપી ટાઉન પોલીસમથકમાં નોંધાયેલા હત્યાના ગુનામાં વોન્ટેડ ઈસમને 20 વર્ષે એલસીબી ટીમે મધ્ય પ્રદેશથી ઝડપી પાડ્યો હતો. આરોપી મધ્યપ્રદેશના જબલપુર વિસ્તારમાં હોવાની હકીકત મળતા પોલીસ ટીમ તેને ઝડપી પાડવા વેશપલ્ટો કરી રવાના થઈ હતી. બડકુસિંહ ઉર્ફે વિજયસિંહ માનસિંહ દ્વારકાસિંહ ઠાકુર (ઉં.39, હાલ રહે. જબલપુર, મધ્યપ્રદેશ, મૂળ યુપી) ને ઝડપી પાડ્યો હતો. પૂછપરછમાં બડકુસિંહે જણાવ્યું કે, વર્ષ 2006 માં પોતાના ગામનો સંગ્રામસિંહ રામસેવક ઠાકુર (રહે., અલીહા, યુપી) સાથે નોકરી માટે વાપી આવ્યો હતો. બડકુસિંહના દૂરના સંબંધી દિપકસિંહ ઉર્ફે દીપુ જગ્ગાસિંહ ઠાકુરનો પરિવાર વાપીના છીરીમાં રહેતો હતો. દિપકસિંહની પત્નીની છેડતી સંજયસિંહ કરતો હોય જેથી તેની હત્યા કરવાનો પ્લાન બનાવી રાત્રિના છીરી ગેસના ગોડાઉનમાં સંજયસિંહ આવતા બડકુસિંહ, દિપકસિંહ અને સંગ્રામસિંહ ભેગા મળી હત્યા કરી હતી. લાશને છરવાડા નજીક બિલખાડીના પાણીમાં ફેંકી વતન યુપી ભાગી ગયા હતા. બડકુસિંહ માતા સાથે જબલપુર રહી રેસ્ટોરન્ટમાં કૂક તરીકે કામ કરતો હતો. એલસીબી ટીમે પકડાયેલ બડકુસિંહને વાપી ટાઉન પોલીસમથકે સોંપ્યો હતો.

### 2013માં મધ્યપ્રદેશમાં પણ વૃદ્ધની હત્યા કરી હતી

પકડાયેલા બડકુસિંહ વર્ષ 2013 માં મધ્યપ્રદેશના જબલપુરમાં પાર્સલ ઓફિસમાં નોકરી કરતો ત્યારે એક ઈસમ સાથે તેના મિત્રનો ઝઘડો થયા બાદ મારામારી થઈ હતી. જેમાં બડકુસિંહ અને તેના મિત્રએ વૃદ્ધને માર મારતા તેનું મોત નીપજયું હતું. તે ગુનામાં બડકુસિંહ સામે જબલપુર સેસન્સ કોર્ટે સજા સંભળાવતા તે 2014 થી 2016 સુધી જબલપુર સેન્ટ્રલ જેલમાં કેદ હતો.

## ચેક રિટર્ન કેસમાં વાપીની મહિલાને 10 માસની કેદ

વલસાડ: વાપીમાં વડાપાવની દુકાન ધરાવનાર ગણેશ રઘુ શેટ્ટી યોગેશ્વર એપાર્ટમેન્ટમાં ફ્લેટ ખરીદવા રાજકુમાર કશ્યપ સાથે ડિલ કરી હતી. આ ડિલમાં તેણે રૂ.3 લાખ આપ્યા હતા. બેંક લોન ભરવા આપેલા આ રૂ.3 લાખ સામે રાજકુમારે તેની પત્ની કવિતા રાજકુમાર કશ્યપના નામનો ચેક આપ્યો હતો. આ ચેક જ્યારે ગણેશ શેટ્ટીએ બેંકમાં નાંખ્યો ત્યારે કવિતા કશ્યપે સ્ટોપ પેમેન્ટ કરવાનું જણાવ્યું હોય બેંકે પેમેન્ટ સ્ટોપ બાય ડ્રોઅરના શેરા સાથે ચેક પરત કર્યો હતો. જેના કારણે ગણેશ શેટ્ટીએ આ સંદર્ભે વાપીની કોર્ટમાં કેસ કર્યો હતો. જેની સૂનાવણી બાદ મેજિસ્ટ્રેટ ઈકબાલ અહેમદ પઠાણે કવિતા કશ્યપને 10 માસની જેલની સજા ફટકારતો હુકમ કર્યો હતો.


ધર્મેશ પટેલ

# ચીખલી તાલુકામાં 70.04 ટકા મતદાન

**સૌથી** વધુ આંબાપાડા ૮૮.૭૭ ટકા, સૌથી ઓછું નોગામા ગામમાં ૫૯.૪૩ ટકા મતદાન

ઘેજ: ચીખલી તાલુકાની ૧૦-ગ્રામ પંચાયતો ના સરપંચ માટે યોજાયેલ મતદાનમાં સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરેરાશ ૭૦.૦૪ ટકા જેટલું મતદાન થવા પામ્યું હતું. જેમાં સૌથી વધુ આંબાપાડા ૮૮.૭૭ ટકા જેટલું અને સૌથી ઓછું નોગામાં ૫૯.૪૩ ટકાનો સમાવેશ થાય છે. સાંજે પાંચ વાગ્યા સુધીમાં સરપંચ માટે કણભઇમાં ૮૩.૫૦ ટકા,સતાડીયા ૮૮.૩૨ ટકા, સીયાદામાં ૬૪.૪૮ ટકા, બારોલીયા મંદિર ફળીયામાં ૭૭.૪૭ ટકા, આંબાપાડામાં ૮૮.૭૭ ટકા, રૂમલામાં ૮૧.૪૭ ટકા, ઢોલુમ્બર ૭૫.૫૩ ટકા, સાદકપોરમાં ૭૧.૬૨ ટકા, નોગામામાં ૫૯.૪૩ ટકા અમે ઘેકટીમાં ૭૯.૩૨ ટકા મતદાન થયું હતું. આ ૧૦-ગ્રામ પંચાયતોમાં ૨૮-જેટલા સરપંચના ઉમેદવારોનું ભાવિ મતદાન પેટીમાં સિલ થયું હતું. આ ઉપરાંત તાલુકામાં સોલધરા, આમધરા સહિતના ગામોમાં વોર્ડ સભ્યો માટે પણ મતદાન થયું હતું. ચીખલીની આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સ્ટ્રોંગ રૂમમાં મત પેટીઓ મુકવામાં આવી હતી. સમગ્ર તાલુકામાં એક રીતે શાંતિપૂર્ણ માહોલમાં મતદાન થયું હતું અને વરસતા વરસાદમાં પણ લોકોએ ઉત્સાહ દાખવ્યો હતો. મતગણતરીના દિવસે મતદારો કોના શિરે સરપંચનો તાજ પહેરાવશે તે ખબર પડશે.

## સંક્ષિપ્ત સમાચાર

### પારડી હાઇવે પરના ખાડા પુરવા ખુદ એસપી વાઘેલા ઉતર્યા


અમૃત પટેલ

પારડી: વલસાડ જિલ્લાની વિવિધ ગ્રામ પંચાયતની ચૂંટણી આજરોજ યોજાઈ હતી. જેને લઇ સ્થળ નિરીક્ષણ માટે નીકળેલા વલસાડ જિલ્લાના એસપી ડો. કરણરાજ વાઘેલા પારડી નેશનલ હાઇવે નં 48 પ્રજાપતિ હોલ સામે ખાડાના કારણે એક ટ્રક બંધ પડતાં જેને લઇ ટ્રાફિક જામ થયો હતો. તે દરમિયાન જિલ્લાના પલીસ વડા અહીંથી પ્રસાર થતા જાતે હાઇવે પર ઉતરી ખાડા પુરવાની કામગીરી કરાવી હતી. પારડી હાઇવે પર રવિવારના રોજ એક ક્લાસવન અધિકારી જિલ્લા પોલીસ વડા ડો.કરણરાજ વાઘેલા ચોમાસાની સિઝનમાં વરસાદ વચ્ચે હાઇવે ઉપર ઉતરી ખાડા પુરાવવાની એક ઉમદા કામગીરી બજાવી તેનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું હતું. પારડીના પીઆઇ જી.આર.ગઢવીની ટીમ પણ આવી પહોંચી હતી. તેઓ ટ્રાફિકને કંટ્રોલ કરવામાં લાગ્યા હતા. ત્યારે પ્રથમ વરસાદમાં જ દર વર્ષની જેમ હાઈવેના માર્ગ પર ખાડા પડવાની શરૂઆત થતા હાઇવે માર્ગનો ભ્રષ્ટાચારનો જીવતો જાગતો પુરાવો આજે સામે આવ્યો હતો. ત્યારે હાઇવે એજન્સી સામે મંત્રી, સાંસદ, કલેકટર તેમજ નેતાઓ ધ્યાન દોરે અને તેના સામે લાલ આંખ કરે, જેથી અકસ્માત અને ટ્રાફિકની સમસ્યા દૂર થાય એવી લોકોમાં માંગ ઉઠવા પામી છે.

### વાપી સહારા માર્કેટ પાસેથી બાઇકની ચોરી

વાપી: ચલા ભાગ્યોદય સોસાયટી, શુભ એપાર્ટમેન્ટમાં રહેતા પંકજ મહેન્દ્રકુમાર જૈન (ઉં.વ.39)ગત તા.18-6-25 ના રોજ તેઓ નોકરી પર ગયા હતા, ત્યારે વાપી સહારા માર્કેટ સામે માર્ગ પર બાઇકને લોક કરી પાર્કિંગમાં મૂકી હતી. નોકરી પરથી સાંજે આવ્યા તો બાઈક મળી ન હતી. જે શોધખોળ બાદ કોઈ પત્તો ન લાગતા વાપી ટાઉન પોલીસમથકમાં બાઈકચોરીની ફરિયાદ નોંધાવી હતી.

### વાપીમાં યુવતીને સ્નેપચેટ દ્વારા બદનામ કરનાર યુવક સામે ફરિયાદ

વાપી: વાપીના નજીકના એક ગામમાં 21 વર્ષીય યુવતી માતા અને ભાઈ સાથે રહે છે. વર્ષ 2024 માં કૌટુંબિક ભાઈના મિત્રના લગ્ન પ્રસંગમાં ગયા હતા, જ્યાં મિતુલ જલારામ પ્રજાપતિ (રહે., સનબ્રાઈટ એપાર્ટમેન્ટ, છરવાડા-વાપી) સાથે મુલાકાત થઈ હતી અને તે બાદ બંને વચ્ચે પ્રેમ સંબંધ બંધાયા હતા. જો કે, જ્ઞાતિ અલગ હોવાથી મિતુલ સાથે સંબંધ તોડી નાંખ્યો હતો. યુવતીના સંબંધ દરમિયાન ફોટો અને મેસેજ કરેલા હતા, તે સ્નેપચેટમાં યુવતીના ઈમેલ આઈડીથી અપશબ્દો સાથે મેસેજ મિતુલ કરવા લાગ્યો હતો. જે બાદ યુવતીએ ફોન બંધ કરી દેતા તેણે યુવતીની માતાને ગાળો આપી બદનામ કરતો હોય જેથી યુવતીએ વાપી ડુંગરા પોલીસમથકનું શરણું લઈ પોલીસ ફરિયાદ નોંધાવી હતી.

### વાપી ડુંગરામાં ગાળો ન બોલવાનું કહેતા યુવકને ઢીંબી નાંખ્યો

વાપી: મૂળ યુપી અને હાલ વાપી નજીકના ડુંગરા, હરીયા પાર્કમાં પ્રફુલ શીશુપાલ યાદવ (ઉં.વ.27) રહે છે. ગત તા.19-6-25 ના રોજ રાત્રિએ સમન્વય બિલ્ડિંગમાં રહેતો પ્રતિક અશોક પંચાલ ફોન પર ઊંચા અવાજે ગાળો બોલતો હોય જેથી તેઓ અને બિલ્ડિંગના અન્ય રહીશોએ ગાળો બોલવાની ના પાડતા હતા. જેથી પ્રતિક ઉશ્કેરાઈ ગયો હતો અને પ્રફુલને ઢીક્કામુક્કીનો માર માર્યો અને લાકડાનો ડંડા વડે કપાળાના ભાગે મારી ભાગી છૂટ્યો હતો. જે બાદ ઈજાગ્રસ્તે વાપી હોસ્પિટલમાં સારવાર કરાવી હતી. પ્રફુલ યાદવે મારામારી કરનાર પ્રતિક સામે વાપી ડુંગરા પોલીસમથકમાં ફરિયાદ નોંધાવી હતી.

### ગ્રીડ ઓવર બ્રિજ પાસેથી દેશી તમંચા સાથે એક ઝડપાયો

નવસારી: નવસારી એસઓજી પોલીસે બાતમીના આધારે નવસારી ગ્રીડ ઓવર બ્રિજથી બારડોલી તરફ જતાં રોડ પર જયશ્રી બાલાજી નાસ્તા દુકાનની સામે ત્રણ રસ્તા પાસેથી એક ઇસમ પાસેથી દેશી હાથ બનાવટનો તમંચો મળી આવ્યો હતો. જેથી પોલીસે મૂળ એમ.પી.ના અને હાલ નવસારીના સુપા ગામે ગુરૂકુલ આશ્રમની સામે આવેલી આંબાની વાડીમાં રહેતા અગેશ વડદા ચૌહાણને ઝડપી પાડ્યો હતો. દેશી તમંચા સાથે મોબાઈલ મળી કુલ 10 હજાર રૂપિયાનો મુદ્દામાલ કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.

### ગણદેવીમાં બીમારીના કારણે આધેડનું મોત

નવસારી: મૂળ આણંદ જિલ્લાના અને હાલ ગણદેવીના કાલુવાડ જ્યોતિબેન દેસાઈના ખુલ્લા મેદાનમાં જયેશભાઈ ઉર્ફે ઘેલો ગોટુભાઈ સોલંકી (ઉં.વ.55) રહેતા હતા. ગત 21મીએ બપોરે જયેશભાઈનું કોઈ બીમારીના કારણે મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં પોલીસે લાશનો કબજો લઈ અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### ડાંગ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ પદે સ્નેહલભાઈ રામુભાઈ ઠાકરેની નિમણૂક



સાપુતારા: ગુજરાત કોંગ્રેસ પ્રદેશ દ્વારા ડાંગ જિલ્લા કોંગ્રેસ પાર્ટીનાં પ્રમુખ તરીકે સ્નેહલભાઈ રામુભાઈ ઠાકરેની નિમણૂક કરવામાં આવી છે. સ્નેહલભાઈ ઠાકરે અગાઉ કોંગ્રેસ પાર્ટીમાં પ્રમુખ અને કાર્યકારી પ્રમુખ તરીકેની જવાબદારી નિભાવી ચૂક્યા છે. તેમની શૈક્ષણિક લાયકાત અને યુવા નેતૃત્વ તેમની ઓળખ છે. ડાંગ જિલ્લાની ત્રણેય તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયત અને એકમાત્ર ધારાસભ્યની બેઠક ભાજપના કબજામાં છે. આવી કપરી પરિસ્થિતિમાં નવનિયુક્ત પ્રમુખ સ્નેહલભાઈ ઠાકરે સમક્ષ કોંગ્રેસ પાર્ટીને ફરીથી બેઠી કરવાનો અને તેને મજબૂત બનાવવાનો મોટો પડકાર છે.